## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં હર ઘર તિરંગા યાત્રા: 5000થી વધુ નાગરિક જોડાયા



ભરૂચ: દેશભક્તિની ભાવનાને સમર્પિત 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મંગળવારે જિલ્લા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વંદે માતરમની ગરજના અને રાષ્ટ્રીય અખંડિતતાના સંદેશ સાથે હોસ્ટેલ ગ્રાઉન્ડથી શરૂ થયેલી આ યાત્રામાં આશરે 5000થી વધુ નાગરિકો ઉમળકાભેર જોડાયા હતા. યાત્રાનું ઉદઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ ડીમ્પલબેન રાજ, કલેક્ટર નવનાથ ગવ્હાણે, ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, અરુણસિંહ રણા, જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા અને નિવાસી અધિક કલેક્ટર સહિતના અગ્રણીઓએ રાષ્ટ્રધ્વજ લહેરાવીને કરાવ્યું હતું. ત્યારબાદ તિરંગા યાત્રાને રાષ્ટ્રીય ગૌરવ સાથે પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ 187 મીટર લાંબો વિશાળ તિરંગો રહ્યો હતો.

### માંડવીના કરુઠા ગામે વિશ્વ આદિવાસી દિવસની અનોખી ઉજવણી



માંડવી: માંડવી ખાતે 'ભારત આદિવાસી સંવિધાન સેના' અને 'એકતા માનવ સેવા ગ્રુપ' દ્વારા વિશ્વ આદિવાસી દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે ગાંગપુર હર્ષદ અને કરુઠા આશ્રમનાં અનાથ તથા જરૂરિયાતમંદ બાળકો સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી સ્વાદિષ્ટ ભોજન માણવામાં આવ્યું હતું. ઉપરાંત લખાલી ખાતે 'આદિવાસી લાઇબ્રેરી ગ્રુપ'ના સહયોગથી આશ્રમની બાળાઓ માટે વિશેષ ભોજનનું આયોજન કરાયું હતું. વંચિત બાળકોમાં આત્મવિશ્વાસ વધારવા અને સમાજમાં સકારાત્મક સંદેશ આપવાના આ માનવતાવાદી પ્રયાસને સ્થાનિકોએ ખૂબ બિરદાવ્યો હતો.

### માંડવી નગરપાલિકાને વિકાસ કામો માટે રૂ.૪.૫૦ કરોડનો ચેક એનાયત



સુરત: ગાંધીનગર ખાતે આયોજિત એક રાજ્ય કક્ષાના મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં માંડવી નગરપાલિકાને વિકાસ કાર્યોને વેગ આપવા માટે રૂ.૪.૫૦ કરોડનો ચેક મુખ્યમંત્રીના હસ્તે વિધિવત રીતે એનાયત કરાયો હતો. આ ગૌરવપૂર્ણ સમારોહમાં શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શનાબેન વાઘેલા સહિતના ઉચ્ચ મહાનુભાવો અને પદાધિકારીઓ વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં માંડવી નગરપાલિકાના પ્રમુખ અમીષાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરીયા, કારોબારી અધ્યક્ષ સુનીલભાઈ રબારી તથા ઇનચાર્જ ચીફ ઓફિસરે હાજરી આપી મુખ્યમંત્રીના હસ્તે આ ગ્રાન્ટનો ચેક સ્વીકાર્યો હતો.

### એકતાનગરમાં કસુંબીનો રંગ કાર્યક્રમ યોજાશે

રાજપીપળા: નર્મદા જિલ્લામાં પણ સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ નાગરિકોમાં રાષ્ટ્રભાવના વધુ પ્રબળ બને અને દેશભક્તિના રંગ સાથે સાંસ્કૃતિક ઉત્સવની અનુભૂતિ થાય તેવા હેતુથી 'કસુંબીનો રંગ' નામે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમનું એકતાનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરના સહયોગથી જિલ્લા વહીવટી તંત્ર, નર્મદા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સંગીત અને સાંસ્કૃતિક રજૂઆતોના માધ્યમથી દેશપ્રેમ, રાષ્ટ્રભાવના અને ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિનો સુંદર સંગમ જોવા મળશે.

### વાલિયામાં ક્રેડિટ કાર્ડ લિમિટ વધારવાના નામે 83 હજારની ઠગાઈ

ભરૂચ: વાલિયા સ્થિત ગણેશ ગાર્ડનમાં રહેતા અને એફ્કોટેક્સ કંપનીના સિનિયર ઓફિસર કિરીટસિંહ યાદવ સાથે રૂ. 83,505ની સાયબર ઠગાઈ થઈ છે. ઠગે પોતાને એક્સિસ બેંકનો ઓફિસર દર્શાવી ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવાની લાલચ આપી હતી. બાદમાં વોટ્સએપ પર શંકાસ્પદ APK ફાઈલ મોકલી મોબાઇલ હેક કર્યો હતો અને કાર્ડની વિગતો મેળવી રૂ.83,505 ઉપાડી લીધા હતા. ઘટના અંગે વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં PI આર.ડી. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીના બાબેનમાં બેંકે સીલ મારેલા મકાનમાં દંપતીનો ગેરકાયદે પ્રવેશ

બારડોલી: બારડોલીના બાબેનની શક્તિનગર હાઉસિંગ સોસાયટીમાં એ.યુ. સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા સીલ કરવામાં આવેલા મકાનનું તાળું તોડી મૂળ માલિકો કૈલાસભાઈ નારાયણભાઈ જેઠે અને તેમનાં પત્ની રેખાબેને ગેરકાયદે પ્રવેશ કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. વર્ષ-૨૦૧૯માં બેંકમાંથી ૨૦ લાખની હોમ લોન લઈ ૫૯ હપ્તા ભર્યા બાદ બાકી હપ્તા ન ભરતાં તાળું મરાયું હતું. ગેરકાયદે રહેવાનું શરૂ કરતાં કાર્યવાહી કરાઈ છે.

### અંકલેશ્વરમાં જર્જરિત શોપિંગ સેન્ટરની જોખમી ગેલેરી તોડી પડાઈ


સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વરના એસ.એ. મોટર્સ સામે આવેલા જૂના શોપિંગ સેન્ટરની ગેલેરી લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી. ગેલેરીના કેટલાક ભાગમાં તિરાડો તેમજ અન્ય નુકસાન જોવા મળતું હતું. દરમિયાન ગત રોજ ગેલેરીનો કેટલોક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. જેનાથી સલામતીના ભાગરૂપે મંગળવારે જેસીબી મશીનની મદદથી જોખમી અને જર્જરિત ગેલેરીને તોડી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# પ્રેમ પ્રકરણમાં હત્યાની ધમકી અપાતાં આદિવાસીઓનો હલ્લો

**અનાવલમાં** યુવતી સાથે વાતચીતની અદાવતમાં ફોન પર ગાળો આપી

**આદિવાસીઓએ** પરપ્રાંતિયોની દુકાનો બંધ કરાવી


મેહુલ પટેલ

અનાવલ: અનાવલમાં યુવતી સાથેના પ્રેમપ્રકરણ બાબતે મનદુખ રાખી એક યુવકને ફોન પર જાતિ વિષયક અપશબ્દો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક આદિવાસી સમાજમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

વહેવલ ગામના ૨૧ વર્ષીય પ્રિયાંશુકુમાર અશોકભાઈ પટેલે અનાવલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસાર પ્રિયાંશુકુમાર તેમના મિત્રો સાથે કારમાં જઈ રહ્યા હતા ત્યારે અનાવલ બજારમાં રહેતા પાલ રાજપુરોહિત (મારવાડી) નામના યુવકે ફોન કરી તેને જાતિવિષયક અપશબ્દો કહ્યા હતા. એટલું જ નહીં, ગામની એક યુવતી સાથે વાત નહીં કરવા બાબતે મનદુખ રાખી 'જો વાત કરીશ તો પતાવી દઈશ' તેવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘટના અંગે પીડિત યુવકની ફરિયાદના આધારે અનાવલ પોલીસે આરોપી પાલ રાજપુરોહિત સામે એટ્રોસિટી હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ આદિવાસી સમાજના લોકોમાં આક્રોશ ભભૂકતાં અનાવલ બજાર ખાતે ઊમટી પડ્યા હતા અને પરપ્રાંતિય યુવક વિરુદ્ધ રોષ ઠાલવ્યો હતો. ત્યારબાદ ફરિયાદ નોંધાવવા અને કડક કાર્યવાહીની માંગ સાથે રોષ વ્યક્ત કરતાં આદિવાસી સમાજના લોકો પોલીસ સ્ટેશન પહોંચી જતાં વાતાવરણ તંગ બની ગયું હતું. આ ઘટનાના પ્રત્યાઘાત બીજા દિવસે પણ જોવા મળ્યા હતા. આદિવાસી સમાજના લોકોએ અનાવલ બજારમાં આવી પરપ્રાંતિયોની દુકાનો બંધ કરાવી હતી. જ્યાં સુધી આરોપી હાજર નહીં થાય અને તે માફી નહીં માંગે તેમજ આકરી કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી દુકાનો બંધ જ રહેશે તેવી ચીમકી ઉચ્ચારી હતી.

# પતિ પારકી સ્ત્રીના ચક્કરમાં પડ્યો, પત્નીએ વિરોધ કરતાં માર પડ્યો

**મુશ્કેલીમાં** 181 અભયમ્ બની મહિલાની ઢાલ, કાઉન્સેલિંગથી તૂટતું દાંપત્ય બચાવ્યું

રાજપીપળા: રાજપીપળામાં પતિના અન્ય મહિલા સાથેના સંબંધો, મારપીટ અને માનસિક ત્રાસથી કંટાળેલી પરિણીતાએ 181 અભયમ્ મહિલા હેલ્પલાઇન પર કોલ કરી સહાય માંગી હતી. કોલ મળતા જ અભયમ્ ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી.

લગ્નનાં બે વર્ષ બાદ ખેતમજૂરી કરી જીવનનિર્વાહ ચલાવતા આ દંપતી વચ્ચે પતિના અફેરને લઈને વારંવાર ઝઘડા થતા હતા. પતિ દ્વારા મહિલાને મારપીટ કરી ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી અપાતી હતી. એટલું જ નહીં, મહિલાની બીમારી હોવા છતાં સારવાર માટે પણ સહકાર મળતો ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી. અભયમ્ ટીમે સ્થળ પર પહોંચી પતિ-પત્નીનું અલગ-અલગ તેમજ સંયુક્ત રીતે કાઉન્સેલિંગ કર્યું હતું. ટીમે દાંપત્ય જીવનમાં પરસ્પર સન્માન અને જવાબદારીનું મહત્ત્વ સમજાવી પતિને માનસિક કે શારીરિક ત્રાસ ન આપવા તાકીદ કરી હતી. સાથે જ મહિલાને ઘરેલુ હિંસા સામેના કાયદાકીય અધિકારો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અભયમ્ ની અસરકારક કામગીરી અને કાયદાકીય સમજણ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી પત્નીની માફી માંગી હતી. ભવિષ્યમાં મારપીટ કે હેરાનગતિ નહીં કરવાની અને શાંતિપૂર્ણ જીવન જીવવાની લેખિત બાંહેધરી આપતાં આ દાંપત્ય વિવાદનો સુખદ અંત આવ્યો હતો.

## વ્યારાના બાલપુરમાં ઘરમાંથી દાગીનાની ચોરી

વ્યારા: વ્યારાના બાલપુર ગામનો પરિવાર મરણ પ્રસંગમાં હાજરી આપવા ગયો અને ઘરમાંથી રૂ.1.75 લાખના કીમતી દાગીનાની ચોરી થઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ ગત તા.6-8-2026થી તા.9-8-2026 સુધીના સમયગાળા દરમિયાન કૃણાલભાઈ સુંદરભાઈ ગામીત (ઉં.વ.32) (રહે.,બાલપુર, પાંઢર ફળિયું, તા.વ્યારા) પોતાના પરિવાર સાથે મામાના મરણ પ્રસંગ માટે હાજરી આપવા રામપુરા ગામે ગયા હતા અને ત્યાં જ રોકાઈ ગયા હતા. દરમિયાન પોતાના બાલપુર સ્થિત બંધ ઘરનું તાળું તોડી કોઈ અજાણ્યા શખ્સો ઘરમાંથી સોના-ચાંદીના દાગીના સહિત રોકડા રૂ.5 હજાર મળી કુલ રૂ.1.75 હજાર મત્તાની ચોરી કરી નાસી ગયા હતા. જે અંગે વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉમરપાડા વન સમિતિએ સાગબારાનાં 9 ગામ માટે ઠરાવ કર્યાનો ઘટસ્ફોટ

**વનવિભાગ** પર વર્ષોથી વિસ્થાપિતો સામે મનમાનીનો આક્ષેપ

**608 દાવા** પેન્ડિંગ છે: ડોગરીપાડાના વન સમિતિના પ્રમુખ અમરસિંહ વસાવા

**જો સરકાર** અને વન વિભાગ બેસીને મધ્યસ્થી કરે તો ઉકેલ આવી શકે

ચિકદા, ભરૂચ: સાગબારા તાલુકાનાં ખોપી સહિત 12 ગામ અને પાડોશી ઉમરપાડા તાલુકાના જંગલ જમીન ખેડાણ મુદ્દે અસરગ્રસ્તોએ ધરણા શરૂ કર્યાં છે.

સાગબારાના પાડોશી ઉમરપાડાના ડોગરીપાડાના વન સમિતિના પ્રમુખ અમરસિંહ વસાવા તેમજ મંત્રી અરવિંદભાઈ વસાવાએ ઘટસ્ફોટ કર્યો હતો કે, વર્ષ-2006માં વન અધિકાર કાયદો (ફોરેસ્ટ એક્ટ) લાગુ પડ્યો, એ પહેલાથી વર્ષ-2002થી અમારા તાલુકામાં સાગબારાના 9 ગામના ખેડૂતો જંગલ જમીન ખેડતા આવ્યા છે. જે અમે નજરે જોયા છે. આ તમામ અસરગ્રસ્ત ખેડૂતો ઉકાઈ જળાશય ડેમના વિસ્થાપિતો છે. ઉકાઈ ડેમ તાપી નદી પર બંધાયેલો છે. આ ખેડૂતોએ એ વખતે મહામૂલી જમીન તદ્દન નજીવા ભાવે આપીને અન્ય સ્થળે વિસ્થાપિત થવાનો વારો આવ્યો હતો. વધુમાં જણાવ્યું કે, ફોરેસ્ટ એક્ટ પહેલાથી જંગલની જમીન ખેડતા ખેડૂતો સાથે વર્ષ-2007માં પણ ફોરેસ્ટ, પોલીસ વિભાગ દ્વારા પણ દમન કરવામાં આવ્યું હતું. અને અમારા પર આ તંત્ર દ્વારા ગાડી ચઢાવવાના પ્રયાસ, હવામાં ફાયરિંગ અને ટીયરગેસ પણ છોડ્યા પણ ત્યારે પણ અમે કોઈ ખસ્યા નથી. અને તેઓ કહેતા હતા કે આ સાગબારાવાળા છે. એ વખતે તંગ વાતાવરણમાં અમે અને તંત્રના દંગલમાં મારામારી થઈ હતી. એ વખતે 58 લોકો પર કેસ પણ કર્યો હતો.

તેઓએ સાગબારા તાલુકાના અસરગ્રસ્ત ખેડૂતોના પડખે રહીને જણાવ્યું કે, અમે તો સાગબારા તાલુકાનાં 9 ગામ માટે ડોગરીપાડા સમિતિએ ઠરાવ કર્યો છે. મૂળ તો આ 608 દાવા વર્ષોથી પેન્ડિંગ હોવાનો ખુલાસો કર્યો હતો. માંડ ગણ્યાગાંઠ્યાને સનદો મળી છે. વર્ષોથી વિસ્થાપિત પીડિત ખેડૂતો સામે વન વિભાગ મનમાની કરતું આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમનો સૂર છે કે આ મામલાને જો સરકાર અને વન વિભાગ બેસીને મધ્યસ્થી કરે તો તેનો સરળ ઉકેલ એકઝાટકે થઈ શકે એમ છે.

### ચિકદામાં જંગલ જમીન ખેડાણ વિવાદ, લીલાબેન વસાવાનો અન્નત્યાગ



ચિકદા, સાગબારા: સાગબારાના ચિકદા ગામે જંગલ જમીન ખેડાણના મુદ્દે આંદોલન આજે ચોથા દિવસે પણ ઉગ્ર બન્યું છે. સ્થાનિક આદિવાસી મહિલા અગ્રણી લીલાબેન વસાવાએ મંગળવારે અન્નત્યાગ કરતાં આખો ગ્રામ્ય વિસ્તાર હરકતમાં આવી ગયો છે. આ ઘટના લઈને નવો વળાંક આપ્યો છે. આ ઘટનાના પગલે નાંદોદના ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ મંગળવારે સીધા ધરણા સ્થળે પહોંચ્યાં હતાં. તેમણે ગ્રામજનો અને આંદોલનકારીઓ સાથે બેસીને તેમની વેદના સાંભળી હતી. તેમણે જણાવ્યું કે, આપણા સાંસદ મનસુખભાઈ વસાવા આ મુદ્દે મુખ્યમંત્રીને મળી ચૂક્યા છે. હાલ વિધાનસભાનું સત્ર પૂર્ણ થયા બાદ 15 ઓગસ્ટ પછી સાંસદ ફરી એકવાર મુખ્યમંત્રી સાથે મુલાકાત કરશે. આંદોલનકારીઓનું કહેવું છે કે જ્યાં સુધી જમીન અંગે સ્પષ્ટતા ન આવે, ત્યાં સુધી તેઓ આંદોલન ચાલુ રાખશે.

### અભયારણ્યના નામે જમીન ઝૂંટવાઈ

ડોગરીપાડા વન સમિતિના પ્રમુખ અમરસિંહ વસાવાનો રંજ છે કે જમીન ખેડતા અટકાવવા પાછળ વન વિભાગનો મૂળ આશ્રય એ છે. માંડવીથી ઉમરપાડા વચ્ચેના આશરે 70 હજાર હેક્ટર જંગલ વિસ્તારમાં અભયારણ્ય જાહેર કરીને સ્થાનિક ખેડૂતોને જમીન ખેડતા અટકાવ્યા હતા. તેઓનાં ઝૂંપડાં તોડી પાડ્યાં અને લોકોને જમીન પરથી બેદખલ કરવામાં આવ્યા છે.

### વડગામ ખાતે વિસ્થાપિત ખેડૂતોની બેઠક



સુરત: ઉમરપાડામાં જંગલ જમીન પર ખેડાણ અને હક્કના દાવાને લઈને વિવાદ ઉગ્ર બન્યો છે. સાગબારાના કેટલાક ખેડૂતો દ્વારા ઉમરપાડા વિસ્તારની જંગલ જમીન પર ખેડાણ કરવામાં આવતું હોવાના દાવા સામે સ્થાનિક તેમજ ઉકાઈ ડેમના વિસ્થાપિત ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે ઉમરપાડા તાલુકાના વડગામ ખાતે વિસ્થાપિત ખેડૂતોની તાકીદની બેઠક યોજાઈ હતી, જેમાં જમીનના હક્કો અને આગળની રણનીતિ અંગે ચર્ચા થઈ હતી.

# વાલિયામાં ભાજપના બે આગેવાનો વચ્ચે કારને સાઈડ આપવા મુદ્દે ઝપાઝપી

ભરૂચ: વાલિયા પંથકમાં રોડ પર વાહનને સાઈડ આપવાના મામલે ભાજપના બે નેતા સામાન્ય બોલાચાલી બાદ ઝપાઝપી અને મારામારી પર ઊતરી આવ્યા હતા. બંને પક્ષોએ વાલિયા પોલીસ સ્ટેશન ખાતે એકબીજા વિરુદ્ધ અરજીઓ કરી છે.

જિલ્લા પંચાયતની સિંચાઈ સમિતિના ચેરમેન સેવંતુ વસાવા અને જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય અલ્પેશ વસાવા ચોર આમલા ગામે એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરી રહ્યા હતા. ત્યારે સાંકડા રસ્તા પર બંનેનાં વાહનોને સાઈડ આપવા મુદ્દે શરૂઆતમાં મૌખિક તકરાર થઈ હતી. થોડી જ વારમાં વાતાવરણ ગરમાયું અને બંને નેતા વચ્ચે ગાળાગાળી, ધક્કામુક્કી અને મારામારી થઈ હતી. આ ઘટના બાદ બંને આગેવાનો સીધા વાલિયા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે એકબીજા સામે મારામારી અને અપમાનજનક શબ્દો બોલવાના આક્ષેપો સાથે અલગ-અલગ અરજીઓ આપી હતી. વાલિયા પોલીસે બંને અરજી સ્વીકારી સમગ્ર ઘટનાક્રમની તપાસ શરૂ કરી દીધી હતી.

# ચાલુ બાઈકે બે બાળક સાથે બ્લોગ બનાવવાનું ભારે પડ્યું

**અંકલેશ્વરની** ઘટના, જોખમી રીતે બનાવેલો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસની કાર્યવાહી

અંકલેશ્વર: અંકલેશ્વરમાં ચાલુ બાઈક પર બે નાનાં બાળકોને સાથે બેસાડી જોખમી રીતે વિડીયો બનાવવાનો કિસ્સો સામે આવ્યો છે. બાઈક ચલાવતી વખતે બ્લોગ શૂટ કરતો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં પોલીસનું ધ્યાન દોરાયું હતું. સમગ્ર મામલે પોલીસે કાર્યવાહી હાથ ધરી સંબંધિત વ્યક્તિને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સમજ આપી હતી.

ઈમરાન મનીહર નામની વ્યક્તિએ બે નાનાં બાળકોને બાઈક પર સાથે બેસાડી ચાલુ વાહને વિડીયો બનાવ્યો હતો. બાઈક હંકારી રહ્યો હોય એ દરમિયાન વિડીયો શૂટ કરવામાં આવતાં સમગ્ર દૃશ્યમાં ટ્રાફિક સલામતીના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું જોવા મળ્યું હતું. આ વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ખાસ કરીને બાઈક પર નાનાં બાળકોને બેસાડી વિડીયો શૂટ કરવાની આ પ્રકારની બેદરકારી ગંભીર અકસ્માતનું કારણ બની શકે છે.

પોલીસે ઈમરાન મનીહરને બોલાવી શિક્ષાત્મક કાર્યવાહી કરી હતી તેમજ ટ્રાફિક નિયમોનું પાલન કરવા અંગે સમજ આપવામાં આવી હતી. સાથે જ તેમણે કરેલી બેદરકારી બદલ માફી પણ મંગાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. પોલીસે આ ઘટનાના પગલે લોકોને અપીલ કરી છે કે, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ, વિડીયો શૂટિંગ કે અન્ય કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવી.

## થવા ચેકપોસ્ટ પાસે ૧૪ હજારનો દારૂ ઝડપાયો

નેત્રંગ: નેત્રંગ પોલીસે નેત્રંગ-ડેડિયાપાડા રોડ પર થવા ચેકપોસ્ટ નજીકથી મોપેડ નં.(GJ-16-DE-8802) પરથી ૧૪,૪૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો (૯૬ બોટલ) ઝડપી પાડ્યો હતો. પોલીસને જોઈ કોયલીમાંડવીનો બુટલેગર વિનય શિરીષ પટેલ વાહન મૂકી ફરાર થઈ ગયો હતો. નેત્રંગ પોલીસે બુટલેગરને વોન્ટેડ જાહેર કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માતર ટોલ પ્લાઝા નજીક બે ટ્રક અથડાતાં ચાલક કેબિનમાં ફસાયો

**ફસાયેલા** ડ્રાઈવરને કરજણ ફાયર ટીમે ૪૫ મિનિટની ભારે જહેમત બાદ ઉગારી લીધો




આમોદ, ભરૂચ: માતર ટોલ પ્લાઝા નજીક મંગળવારે સવારે ૮ વાગ્યાની આસપાસ અકસ્માત સર્જાયો હતો. રાજકોટથી ફ્લિપકાર્ટ કુરિયર સર્વિસીસનો માલસામાન ભરીને સુરત તરફ જઈ રહેલી ટ્રકે આગળ ઊભેલી અન્ય એક ટ્રક સાથે પાછળથી ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માતના આ ભયાનક ધડાકામાં ટ્રકનો કેબિનનો ભાગ ભીંસાઈ જતાં તેનો ડ્રાઈવર સલમાન ખાન સ્ટીયરિંગ અને કેબિન વચ્ચે ફસાઈ ગયો હતો.

જેથી એક્સપ્રેસ હાઈવે ઓથોરિટી દ્વારા કરજણ ફાયર વિભાગના કંટ્રોલ રૂમને તાત્કાલિક મેસેજ આપવામાં આવ્યો હતો. ત્યારે કરજણ ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ૪૫ મિનિટની ભારે જેહમત બાદ ડ્રાઈવરને બહાર કાઢી આમોદ સરકારી હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# આમોદમાં કાર અને બાઈક અથડાતાં બે ઘાયલ



આમોદ: આમોદના મલ્લા તળાવ પાસે સાંજે કાર અને બાઈક વચ્ચે અથડામણ થતાં પિતરાઈ ભાઈ-બહેન શુભમસિંહ રાજ અને દીપુબેન રાજ ગંભીર ઘાયલ થયાં હતાં. બંને ઘમણાદ ગામના રહેવાસી છે અને ડેરીમાં મજૂરી કરે છે. સ્થાનિક લોકોએ 108 એમ્બ્યુલન્સથી તેમને આમોદ સામૂહિક આરોગ્ય કેન્દ્ર પહોંચાડ્યાં હતાં.

પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલમાં રિફર કરાયાં હતાં. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે.

## સોનગઢ NDPS ગુનાનો ફરાર આરોપી સુરતથી ઝડપાયો

સોનગઢ: તાપી જિલ્લા પોલીસની નાસતા-ફરતા ગુનેગારોને પકડવાની ઝુંબેશ અંતર્ગત LCB અને પેરોલ ફર્લો સ્કવોડને મોટી સફળતા મળી છે. સોનગઢના ચકચારી NDPS ગુનામાં ફરાર આરોપી અકિલ નાસીરખાન પઠાણ (ઉં.વ.૨૬)ને પોલીસે બાતમીના આધારે સુરતના એકલેરા વિસ્તારમાંથી ઝડપી પાડ્યો હતો. આરોપી કોલસાની આડમાં ઓડિશાથી ટ્રકની કેબિનમાં ગાંજો છુપાવી સુરતમાં ડિલિવરી કરતો હતો. અગાઉ તેના પર સોનગઢમાં હત્યા જેવા ગંભીર ગુના પણ નોંધાયેલા છે. પોલીસે મોબાઈલ જપ્ત કરી આગળની તપાસ અર્થે તેને વ્યારા પોલીસ સ્ટેશન સોંપ્યો છે.